

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નિષ્ઠા નથી કે રાષ્ટ્રભક્તિ બધા દેશને લૂંટે છે,*
*નેતાઓ, ફિલ્મી અભિનેતામાં રાષ્ટ્રપ્રેમ ખૂટે છે,*
*કૂટે કપાળ કાળાં નાણાં માટે આ શોષિત પ્રજા -*
*કરે નાટક માત્ર એવા નાલાયકોને ચૂંટે છે...*
*(કાળાં નાણાં નો કકળાટ)*

હાઈકુ

*ફૂંકે બણગા*
*ને રહે છે અળગા -*
*ફૂટે ફણગા...*
*(પનામા પેપર્સ પુરાણ)*

*કરી લ્યો જપ્ત*
*થાય દેશ સમૃદ્ધ -*
*કાળાં નાણાંથી...*
*(દેશની કાળી સંપત્તિ)*

### ચિંતન

**ધમેણ હીના પશુભિઃ સમાના : ।**

ધર્મ વિનાના માણસ પશુ જેવા છે.

ધર્મ શબ્દના ઘણા અર્થો થાય છે. ધર્મ એટલે કોઈ પણ સંપ્રદાય કે પંથના પરંપરાગત આચાર વિચાર. આવો એક અર્થ સામાન્ય માણસો કરે છે. પણ ઉપરના સૂત્રનો ઊંડો વિચાર કરતાં લાગે છે કે ધર્મનો ખાસ અર્થ કરવામાં આવ્યો છે.

ધર્મ એટલે શાસ્ત્રોમાં દર્શાવેલા વિચારોનો આચાર, ન્યાય, પ્રમાણિકતા, નીતિ, નિષ્પક્ષતા, શીલ, સદાચારના અર્થોનો પણ ધર્મમાં સમાવેશ કરવાનું યોગ્ય અને સર્વથા જરુરી છે.

આપણો સમાજ આવા ઊંચા આદર્શો પર રચાયો છે, આપણું સમાજ જીવન આવા આદર્શો પર જ સૂપેરે ચાલે છે. જે માણસ આવી ઉચ્ચ ભાવના ન ધરાવતો હોય તેને વિષે સમાજમાં ખરાબ છાપ પડે છે, અને લોકોની નિંદા કે અપમાનનો ભોગ બનવું પડે છે. એવા માણસો સમાજમાં જીવે છે ખરા, પણ ચોપગા જીવો જેવા જ ગણાય. માણસ હોવા છતાં તેઓ પશુ જેવા મૂઢ છે!!

### સુવિચાર

- પડકારોનો સ્વીકાર કરો કારણ કે એમાં બે જ વાત બની શકે છે... કાં તો સફળતા મળશે અને કાં તો શિક્ષા મળશે - **શિક્ષાસૂત્ર**
- એક સારો માણસ બોલવામાં પાછળ પણ ફરજ પાલન અને કર્તવ્યમાં આગળ રહે છે - **ઝેન કથન**
- આપણી આસપાસના માણસોને સહયોગ આપવો એ જ એમને આપણા સહયોગી બનાવવા જેવું છે - **જનકલ્યાણ**
- પ્રભુકૃપા અંતરાત્માના અવાજથી પ્રેરિત થયેલા અનેક લોકો દ્વારા પ્રગટે છે... અને તેઓની સહાય શુભેચ્છા અને મદદ દ્વારા સમાજ સેવાના કામો શક્ય બનાવે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- એક વાત સદાય યાદ રાખજો, પ્રભુ સદાય બધાય માટે ઉપલબ્ધ છે જ... પરંતુ તે તમારા સાચ દિલના પુકારની રાહ જોતા હોય છે - **રમેશ ઓઝા**
- જયારે તમને દરેક જગ્યાએથી 'ના' સાંભળવા મળે ત્યારે એક જ 'ઈશ્વર' પાસેથી જ તમને 'હા' સાંભળવા મળશે - **ઝેન કથન**
- આજનું ઔષધ : ચણોઠીના પાન ચાવવાથી અવાજ ખૂલી જાય છે (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

માણસ વય, શરીર, રોગના ભયથી મનથી હારી જાય છે અને હવે મારાથી 'કંઈ ન થાય' એમ વિચારી પથારી પકડી લે છે. આત્મવિશ્વાસ અને મનોબળ મક્કમ હોય તો છેલ્લા શ્વાસ સુધી નિત્યક્રમ સાચવી શકાય...

સરકસના દરવાજે વિશાળકાય હાથી નાના લાકડાના ખૂંટા અને પાથળી દોરીથી બાંધેલો હતો. એક સરકારી અધિકારી મફત પાસમાં સરકસ જોવા આવ્યો. પોતાની હાજરી સત્તા બતાવવા એ સરકસના માલિક પાસે ગયો અને કહ્યું, આવો મજબૂત વિશાળ કદનો હાથી, તમે નાના ખૂંટે પાતળી દોરીથી બાંધ્યો છે, જો તોફાને ચઢે અને દોરી તોડી નાશભાગ કરે તો કોન જવાબદાર?

સરકસના માલિકે ઠંડે કલેજે જવાબ દીધો, આ હાથી 'મદનીયું' હતું ત્યારથી અમારી પાસે છે. નાનું હતું ત્યારે તોફાની હતું પણ હવે એ આત્મવિશ્વાસ અને મનોબળ ગૂમાવી બેઠો છે. કયારેક તો મહાવત બાંધતાં પણ ભૂલી જાય તો પણ નરમ ઘેંશ થઈ પોતાની પથારીમાં જ પડ્યો રહે છે...

આત્મવિશ્વાસ અને મનોબળ એ જ મોટી શક્તિ છે, દવા છે...

## નીતીશનો માસ્ટરસ્ટ્રોક : બિહારમાં સંપૂર્ણ દારૂબંધી

### તંત્રીસ્થાનેથી...

બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર ચૂંટણી વચનોના અમલીકરણ માટે જાણીતા છે. એમની વિશેષતા એ છે કે તેઓ ન પાળી શકાય એવાં બોગસ વચનો આપતા નથી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જેમ કેટલાક લોકોએ વિદેશી બેંકોમાં સંતાડી રાખેલાં કાળાં નાણાં દેશમાં ખેંચી લાવી રાતોરાત દરેક નાગરિકના ખાતામાં પંદર લાખ જમા કરાવી દેવાનાં સપનાં દેખાડવા ટેવાયેલા નથી. નીતીશકુમાર સામાન્ય ખેડૂત બલકે ખેતમજૂર પરિવારનું ફરજંદ હોઈ એમનો જમીન સાથેનો નાતો તૂટ્યો નથી. ગત વિધાનસભાની ચૂંટણી વખતે નીતીશકુમારે મહિલા મતદારોની નાડ પારખીને દારૂબંધી અમલી બનાવવાનું વચન આપ્યું હતું. બિહારી પુરુષો કમાય ઓછું અને જે કમાય તે પીવામાં ખરચી નાખે, પછી એમનું જીવનધોરણ શી રીતે ઊંચું આવે? રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર' ના નામનો રાજધાની પટનામાં એક ચોક છે. ચૉક વચ્ચે જે સર્કલ બનાવાયું છે એમાં દિનકરની આદમ કદ પ્રતિમા મુકાયેલ છે, પરંતુ એ આખા સર્કલને 'બૉગ પાઈપર'ની જાહેરાતોનાં તોરણ વડે શરણાગેલો જોઈએ ત્યારે દિવંગત રાષ્ટ્રકવિની પ્રતિભાના આવા 'બહુમાન' પ્રત્યે હસવું કે રડવું તે નક્કી કરવું અઘરું બની જાય છે. નીતીશકુમારે હિંમત કરીને મહિલાઓને આપેલ ચૂંટણી વચન પાળી બચાવ્યું છે. રાજયમાં પહેલી એપ્રિલથી દેશી દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની જાહેરાત કર્યા બાદ ફક્ત ચાર જ દિવસમાં વિદેશી દારૂ પર પણ પ્રતિબંધ લાદીને બિહારી બાબુએ ભારે સાહસનો પરિચય કરાવ્યો છે. પોતે જાણે છે કે દારૂના વેચાણને લીધે રાજયને હજારો કરોડની આવક થતી હતી તે જતી કરવી પડશે. પરંતુ બિહારી માણસ જે પૈસા દારૂ પાછળ વેડફી નાખતો હતો તો હવે વધુ આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો પાછળ ખરચશે, તેવી શ્રદ્ધા સાથે એમણે આ હિંમતભર્યો નિર્ણય કર્યો છે. બિહારમાં રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકર સ્મૃતિ ન્યાસના અધ્યક્ષ નીરજકુમારે 'મદિરાલય નહીં - પુસ્તકાલય'ની ચળવળ ચલાવી હતી. જો કે ગુજરાતમાં દારૂબંધીને કારણે જે શાંતિનું વાતાવરણ પ્રવર્તે છે, તેવું બિહારમાં પણ થઈ શકશે એવી અપેક્ષા જરા વધુ પડતી છે. ગુજરાતની પ્રજા પહેલાંથી શાંતિપ્રિય અને સાહસિક છે. એને કમાતાં પણ આવડે છે, વાપરતાં પણ આવડે છે અને બચત કરતાં પણ આવડે છે. બિહારી મૂળભૂત રીતે આળસુ પ્રજા છે. બિહારમાં ગંગાનો અને કોસી જેવી નદીનો અખૂટ જળભંડાર હોવા છતાં ત્યાં ખેતીનાં ઠેકાણાં નથી. બિહારીઓમાં એક વર્ગ આઈએએસ -આઈપીએસ જેવી ઊંચી નોકરીઓ સાથે જોડાયેલો છે અને બીજો વર્ગ મુંબઈ-દિલ્હી કે સુરતમાં રિક્ષા ચલાવી પેટિયું રળે છે. બિહારમાં ધર્મક્ષેત્ર-સાધનાતીર્થ રાજગીર ખાતે સંત શિરોમણિ મોરારિ બાપુની 'માનસ મહાવીર' રામકથાના ઉદ્ઘાટન વખતે પણ તેઓએ રાજયમાં દારૂબંધીના સંકલ્પનું સુચારું અમલીકરણ થાય તેવા આશીર્વાદ માગ્યા હતા. જો કે નીતીશકુમાર એ પણ જાણે છે કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂની છોળો ઊડલી રહે છે. બિહારમાં એવું નહીં જ થાય એની ખાતરી ખરી?

## સંગીત ચિકિત્સા

વર્ષ ૧૯૩૩નું, સ્થળ ઈટાલીનું ફલોરેન્સ શહેર. આ વર્ષે વિશ્વ સંગીત મહાસંમેલન ફલોરેન્સ ખાતે યોજાયેલું. દુનિયાભરમાંથી ખ્યાતનામ કલાકારો આ સંમેલનમાં ભાગ લેવા પહોંચેલા. ભારતમાંથી શાસ્ત્રીય સંગીતના રત્નસમા સંગીત માર્તન્ડ પં. શ્રી ઓમકારનાથ ઠાકુર પણ આ સંમેલનમાં ગયેલા. પં. ઓમકારનાથની ખ્યાતિ વિશ્વવિખ્યાત હતી. ઈટલીના તત્કાલીન સરમુખત્યાર બેનીટો મુસોલીનીને પણ પં. ઓમકારનાથની સંગીતકલાની નિપુંણતા અંગે પરિચય હતો. મુસોલીનીએ પંડિતજીને પોતાના સભાગૃહમાં પરફોર્મ કરવા માટેનું આમંત્રણ મોકલ્યું. આમંત્રણનો સ્વીકાર કરી પંડિતજી મુસોલીનીના રાજસભાગૃહમાં પહોંચ્યા. પંડિતજીએ રાગ હિંડોલ ગાવાની શરુઆત કરી. થોડો સમય વિત્યા બાદ જોયું તો મુસોલીનીની આંખો, ચહેરો લાલઘુમ હતા. મુસોલનીની જાણે હાંફતા હતા. આ રાગની તેમના પર એટલી તીવ્ર અસર પડી કે મુસોલીનીનું બ્લડપ્રેશર ખૂબ વધી ગયું. પંડિતજી પરિસ્થિતિને પામી ગયા. તેઓએ તરત જ છાટાનટ રાગ ગાવાની શરુઆત કરી અને મુસોલીની સ્વસ્થ થવા લાગ્યા. ધીમે ધીમે ખૂબ ભાવુક થઈ ગયા અને ચૌધાર આંસુએ રડવા લાગ્યા. તેમને શાંત પાડવા મુશ્કેલ થઈ પડ્યા. છેવટે સ્વયં સ્વસ્થ થયા. અંતે પંડિતજીએ રાગ પીલું ગાયો. ગાવાની વીસમી મિનિટે મુસોલીની ઘસઘસાટ ઊંઘતા હતા. મુસોલીનીના સેનાપતિઓ અને બીજા અંગત દરવાનો આ દશ્ય જોઈ દંગ રહી ગયા. છેલ્લા કેટલાય દિવસોથી મુસોલીની ઘોર અનિંદ્રારોગના શિકાર હતા. કોઈ પણ દવાઓ અસર કરતી નહોતી. સંગીત વડે આ



રોગ મટી ગયો. મુસોલીનીએ ખુદ આ વાતનો સ્વીકાર કર્યો છે. પંડિત ઓમકારનાથજીના આવા ઘણા કિસ્સાઓ મળે છે. જેમા સંગીત વડે ભલભલા રોગોમાં શાંતિ મળતી હોય.

મુસોલિની અને તે ઉપરાંત બીજા ઘણાયને સંગીતે જે રીતે અસર જન્માવી તે હતી સંગીતની ચિકિત્સાનો અભિગમ. સંગીત 'નોન વર્બલ' લેંગ્વેજ છે. સંગીતને



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

સમજવા માટે કોઈ ભાષાની જરુર નથી. વિશ્વભરમાં સંગીત એ સંગીત તરીકે જ સમજાય છે. ગર્ભમાં રહેલ બાળકથી લઈને વયોવૃદ્ધ સુધીના દરેક સંગીતને સમજી શકે છે. અને એટલે જ સંગીત આપણાં મન-શરીર ઉપર અદ્ભૂત પ્રભાવો પાડી શકે છે. રાત્રે થાક્યા પાક્યા આપણે જગજીતસિંઘની ગઝલો કે સુંદર બાંસુરી વાદન સાંભળીએ તો એકદમ રિલેક્સ થઈ જઈએ, ઊંઘી પણ જઈએ. યુદ્ધ મેદાનમાં પણ રણશીંગા ફૂંકાય, શંખ ફૂંકાય કે મોટા ડ્રમ વાગે ત્યારે જોરદાર જુસ્સો ચઢી જાય, મંદિરમાં આરતી થતી હોય અને આપણે તાળીઓના તાલ પુરાવીએ ત્યારે જાણે બધા જ વિચારો બંધ થઈ ફક્ત એ આરતીના દિવ્યધ્વનિમાં મન પરોવાઈ ગયું હોય તેવું લાગે. નાના બાળકો જયારે ટ્વિંકલ ટ્વિંકલ લીટલ સ્ટાર... કે પછી એક બિલાડી જાડી... ગાતા-સાંભળતા હોય ત્યારે તેઓ એકદમ તલ્લીન થઈને એ સંગીત અનુભવે છે. કોઈ એક નાનકડા ગીતનો ટુકડો આપણને વીસ-પચ્ચીસ પચાસ વર્ષ પહેલાના ભૂતકાળમાં પહોંચાડી દે છે.

આ બધાનું કારણ એટલું જ કે સંગીત આપણામાં વણાયેલું છે. આપણા મન-શરીર સાથે એકાકાર છે. તે વ્યક્તિની લાગણીશીલતા, સંવેદનશીલતાને અસર કરે છે. આપણા વેદોમાં સંગીતનો ઉલ્લેખ છે. સામવેદનો સંગીતમય જ છે. હજારો વર્ષોથી ચાલતી આ સંગીતમય પરંપરા વ્યક્તિમાંના રોગો દૂર કરી શકે, વ્યક્તિની પીડા ઓછી કરી શકે અને વ્યક્તિને સ્વસ્થ કરી શકે છે. આ ઉપરના ઢગલાબંધ સંશોધનો છેલ્લા પચાસ વર્ષોમાં વિશ્વભરમાં થયેલા છે. સંગીત ચિકિત્સા વિષેની બીજી રસપ્રદ વાતો... આવતા અંકે... - drkedarju@gmail.com

## કેટલાક અજાણ્યા મિત્રો

કોઈ વાર, રંગબેરંગી અજવાળામાં, હળવા સંગીતની રંગત માણતાં, આપણા ખાસ મિત્રના પુત્ર-પુત્રીના લગ્નપ્રસંગે, સુરુચિપૂર્ણ ભોજનની વાનગીઓ, પાચનતંત્રની મર્યાદાઓને અવગણીને એક પછી એક આરોગી રહ્યા હોઈએ અને એવા સમયે શાળા જીવનનો કોઈ સહપાઠી નજરે ચડી જાય ત્યારે જે આનંદ અને આશ્ચર્યમિશ્રિત ઉદ્ગાર આપણા મુખમાંથી સરી પડે છે તેને સાંભળીને આસપાસના સહુ ચોંકી ઉઠે છે. 'રમેશ તું?' અને 'મહેશ તું અહીં કયાંથી' પૂછતાં બંને મિત્રો એકબીજાની નજીક આવે છે અને ભોજનથાળની એકેએક વાનગીની મીઠાશ સો ગણી થઈ જાય છે. કોઈ વાર રસભરી વાતોમાં ને વાતોમાં ના ખાવાનું તો ઠીક, નહીં ભાવતું પણ ખવાઈ જાય છે. થાળી ખાલી થઈ જાય છે પણ છૂટા પડવાનું મન ના હોવાથી ફરીવાર કાઉન્ટર બાજુ જવાનું ટાળી દેવામાં આવે છે. ખાલી થાળી જોઈ પત્ની કે પુત્ર પૂછે કે 'લાવો, તમારે શું જમવું છે, લઈ આવું.' ત્યારે આ સ્નેહીજનો આકાશમાંથી હેઠા ઉતરે છે. પોતાના કુટુંબીજનોની એકબીજાને ઓળખાણ કરાવે છે. કુટુંબના સભ્યોએ આ મિત્રોની વાતો તો અવારનવાર સાંભળી હોય એટલે તેમના આનંદમાં પણ ઉમેરો થઈ જાય છે. બાળકો તો અહોભાવથી આ આજે જ ઓળખેલા અતિથિનો સ્નેહભાવ માણી રહે છે. મિત્રો ભાર્યાઓ વર્ષોજૂની સહેલીઓ મળી હોય તેમ હાથમાં હાથ ઝાલી કંઈક જુદા જ વિષયની ગુફતેગો કરવા માંડે છે. એકબીજાના મોબાઈલ નંબરો મેળવી લેવાય છે. ફરીવાર ઘેર મળવા જવાના વાયદા થાય છે. મોડે સુધી વાતો કરતાં કરતાં, લગ્ન કરવાવાળા પણ ઘેર જવા તૈયાર થવા માંડે ત્યારે બંને જાણે આકંઠ અમરત પ્યાલા પીવા મળ્યા, હોય એમ સંતોષથી 'આવજો, આવજો' કરતાં છૂટા પડે છે.

આવી જ રીતે કોઈ વાર ઊધું ઘાલીને અગમનિગમના વિચારો કરતા ચાલ્યા જતા હોઈએ અને રસ્તા પર પડેલાં રાયણાં જોઈ પગ થંભી જાય છે. ઊંચે નજર કરતાં લૂમઝૂમ રાયણાં જોતાં ચિત્ત પ્રસન્ન થઈ જાય છે ફરી પાછી આંખો હેઠે ઉતરે અને એક પછી એક રાયણાં વીણાવા માંડે છે. ભેળાં થઈ શકતા નથી. એકનો ઠળિયો થૂંકીએ ત્યાં બીજું ફળ મુખમાં પ્રવેશ મેળવી લે છે. દરેક ફળ સ્વચ્છ પાણીથી ધોઈને ખાવું જોઈએ એવી શાણી શિખામણો મગજને યાદ આવતી નથી. ધૂળ ચોંટેલા રાયણા જરાતરા હાથથી લૂંછાઈને એક પછી એક ખવાતા જાય છે. એક વાત કહું? મેં કદી રાયણા ખરીદીને ખાધા નથી, આવી રીતે જ ખાધા છે. હા, ઝાડ પર ચડી શકીએ એટલા નાના હતા ત્યારે આપણા પૂર્વજોની જેમ ડાળ પર બેઠા બેઠા એકદમ તાજાં (ઈન્સ્ટન્ટ ફ્રેશ) રાયણાં એક બે વાર ખાધેલા એવું યાદ આવે છે ખરું.

આવી જ રીતે કોઈવાર મહુડાઓની મુલાકાત થઈ જાય તો જીભનો જૂનો સ્વાદનો ચટકો પ્રાપ્ત થઈ જાય. પરંતુ મહુડાઓ હવે ઘટવા માંડ્યા છે. પાનમ બંધની મુલાકાત વેળાએ અસંખ્ય મહુડાઓ જોવા મળેલા ત્યારે ત્યાંનાં વિકાસમાં પાછળ રહી ગયેલા રહેવાસીઓની ખરેખર ખૂબ ઈર્ષા થઈ આવેલી. આપણા સરદાર સરોવર બંધની આસપાસ પણ અગણિત મહુડાઓ જોવા મળેલા. એ હવે કેટલા રહ્યા હશે એની ખબર નથી. આમ અચાનક શીમળાના ફૂલ જોવા મળી જાય તો કેટલી મજા પડે છે તેની વાત કરવા માટે તો અલગ લેખ લખવો પડે.

આ તો વાત થઈ આપણાં ઘણા સમયથી છૂટા પડી ગયેલા મિત્રોની વાત પરંતુ ઘણા મિત્રો એવા છે અવારનવાર સામાં મળી જાય છે. આપણી સામે જોઈ સુંદર સ્મિતની ધજા ફરકાવે છે, હૃદયના ઉમળકાથી આવકારો આપે છે. અફસોસની વાત એ છે કે આ મિત્રો એમનું નામ મને કહેતા નથી. પોતાની ઓળખાણ આપતા નથી. હું નામ પૂછું કોને ? પોતે કશું બોલતા નથી મૂંગા મૂંગા હસતા રહે છે. વસંતની શરુઆત થઈ છે એવી આલબેલ પુકારવાની જવાબદારી જાતે સ્વીકારી લીધી હોય એવા પીળાં સોનેરી પુષ્પ ધરાવતા વૃક્ષોને ખબર નહીં કેટલા વરસોથી હું સચિવાલયના દરવાજા પાસે થાળીવાજાં વગાડતા જોઉં છું પણ હજી તેમનું નામ જાણી શક્યો નથી. કયારે જાણવા મળશે એની પણ ખબર નથી. આવા બે-ત્રણ

વૃક્ષો શતપ્રતિશત ગુલાબી વૃક્ષો ધારણ કરીને ઘ-૪ના સર્કલ ઉપર ઊભાં છે. વસંતઋતુનો પ્રારંભ કરવાની થોડીઘણી જવાબદારી એમણે પણ ઉઠાવી છે. પુસ્તક પરબમાં શબ્દના પુષ્પો ચુંટવા આવતા વાચનરસિયાઓ પૈકી કેટલાની નજર આ તરુવરો પર ગઈ હશે કોને ખબર? પુસ્તક પરબની મુલાકાત લેનાર પુસ્તક પ્રેમીઓનું ધ્યાન આ ઝાડવાં ભણી ના દોરાય એમાં શબ્દનો વિજય થયો કહેવાય કે પ્રકૃતિનો (અરે વસંતનો) પરાજય થયો કહેવાય એ કહેવું ખૂબ અઘરું છે.



મનના ઉમંગો
રણછોડ પરમાર

આવા જ એક અજાણ્યા ફૂલછોડનું એક કૂંડુ મારાં ઘરમાં જ છે. મારી પુત્રી કયાંકથી આ વનસ્પતિની એક ડાળખી લાવેલી, એને એમે કૂંડામાં રોપી, બે-ત્રણ માસે એને ફૂલ આવ્યા અને પછી તો એણે રીતસર રંગત જમાવી દીધી. વસંતઋતુમાં કેસૂડાં જોવા વનમાં તો જવાતું નથી. ગાંધીનગરનો હજુ એટલો બધો વિકાસ થયો નથી કે બધા આંબા કાપવા પડે એટલે આંબે ખીલેલા મ્હોર હજુ જોવા મળે છે ખરા! એ આંબામાં હજુ કોયલ પણ વસે છે અને તેની મધમીઠા ટહુકા રમતા મૂકે છે એટલું આપણું સદ્ભાગ્ય છે. આવા સંજોગોમાં વસંત આવી કે ગઈ એની ખબર આવું નાનકડું કૂંડુ આપતું રહે છે. કાશ્મીર વિષે જહાંગીરે એવું કહેલું કે, 'દુનિયામાં જો કયાંક સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, અહીં છે,' તે રીતે તેના પુષ્પોને જોઈ મને કહેવાનું મન થાય છે. 'વસંત અહીં છે, અહીં છે, અહીં છે.' ક્ષતિ માત્ર એટલી જ છે, એનું નામ આવડતું નથી.

વૃક્ષોની, પુષ્પોની વાતો ઘણી કરી. ચાલો આજે એક ગીત વૃક્ષનું સાંભળીએ.

**ગીત**

**વૃક્ષ નથી વૈરાગી...**
**એણે એની એક સળી પણ.... ઇચ્છાથી કયાં ત્યાગી?**
**જેમ ખૂટ્યાં પાણી સરવરથી,**
**જેમ સૂકાયાં ઝરણાં,**
**જેમ ભભૂકતી લૂ લાગ્યાથી,**
**બળ્યાં સુવાળાં તરણાં.**
**એમ બરોબર એમ જ...**
**એને ઠેસ સમયની લાગી.**
**વૃક્ષ નથી વૈરાગી.**
**તડકા છાયાં અંદર હો કે બ્હાર... બધું યે સરખું,**
**શાને કાજે શોક કહું હું...**
**શાને કાજે હરખું?**
**મૌસમની છે માયા સઘળી...**
**સમજ્યો હું વરણાગી**
**વૃક્ષ નથી વૈરાગી.**

**- ચંદ્રેશ મકવાણા**

## અંતરતમમાં બાઝેલ કષાય (મેલ) દૂર કરી અહંશૂન્ય ને ઈર્ષામુક્ત બનીએ... બધા જ મુખવટા હટાવી સાચે સાચું સાચુકલું જીવવા મથીએ!!!

*જે જે પ્રાપ્ત થતો ઉપાધિયોગ,*
*બની રહો એ જ સમાધિયોગ.*
*- ઉમાશંકર જોશી*

એક વડીલ ઉચ્ચ અધિકારીપદેથી નિવૃત્ત થયા. વર્ષો શહેરમાં વિતાવેલાં. નિસંતાન હતાં એટલે નિવૃત્તિ બાદ વતનમાં ઠરીઠામ થયાં. એમનું આખુય કુટુંબ સુશિક્ષિત ને સંપન્ન. પરંતુ પરિચિત સૌ કોઈ એમનાથી છેટા રહેવાનું પસંદ કરે કારણ માત્ર એટલું જ કે તેઓ ને (સ્થળ - કાળ જોયા વગર કોઈ સાધારણ મીટીંગ - મેળાવડો કે જાહેર કાર્યક્રમ વખતે) વાત વાતમાં વાંકું પડે ને છેડાઈ જાય. આખુયે વાતાવરણ કલુષિત કરી નાખે... એમની ઉપસ્થિતિ સૌ માટે મૂંઝવણરૂપ બની જાય. કેટલાક શાણા તો ઠાવકા બની સભાનતાપૂર્વક કામ પાર ઉતરે એ માટે બીજાઓને ઈશારે સમજાવી દે છતાંયે આ વડીલ મહાશય વાતનું વતેસર કરી જ નાખે. રજનું ગજ કરી દે વાતનો તંત ના છોડે એવા જક્કી સૌ કોઈ એમના આવા ઓચિંતા હુમલાથી હેબતાઈ જાય... આમ તો પૈસે ટકે સંપન્ન છતાં ક્યાંય કદી ઘસાય નહિ... હિસાબમાં પાકા... સહજતા ને સરળતા તો જોજનો દૂરની વાત...

બીજા એક વડીલ કે જેઓ માત્ર ખેતી પર નિર્ભર પૂરેપૂરા સ્વાશ્રયી પાકટ વયે પણ મોટેભાગે શક્ય હોય એ તમામ કામ આપમેળે કરવાની ધગશ. એમની વ્યવહાર દક્ષતાને કામ કરવાની સૂઝબૂઝ શીખવા જેવી. દરેક સાથે સમભાવ છતાં ખપ પૂરતા જ સંબંધ. જે હોય તે મોંઢેમોંઢ સંભળાવી દેવાની ટેવ. ક્યારેય કોઈનું અહેસાન ન ચડે એની ખૂબ ચીવટ રાખે. પુત્ર પરિવાર સાથે પરદેશ. જૈફ વયે પહોંચેલું આ ખેડૂદંપતી ગામ આખાથી સાવ અલાયદું જીવન જીવે... કૌટુંબિક કલેશમાંયે સમતા, ધીરતા ને દૂરંદેશી જોવા મળે.. કૌટુંબિક ઝઘડાઓ સામે જીવનભર ઝઝૂમતા રહેલા આ વડીલ તો અચાનક સ્વર્ગે સિધાવ્યા... પરંતુ આજે માજી એકાકી જીવનમાંયે કડેધડે જોવા મળે છે.આ બે સ્વભાવભિન્ન વડીલોનો હું ખૂબ નજીકનો સાક્ષી છું! દોસ્તો, કુદરતે માનવને ''મન'' નામની જણસ આપીને કમાલ કરી નાખી છે. ક્યાંક મનના ઉધામા છે તો ક્યાંક મનની મોકળાશ!! કેટલાક ઝીણું ઝીણું કાંતવાની ટેવવાળાં તો કેટલાક વિવેકપૂર્ણ સ્વસ્થતાથી જીવી જનારાં હોય... મન મર્કટની વાત જ ન્યારી છે.



લાગણીનો મેળો
રસિક વાળંદ

એકવાર એક સેવક - પટાવાળાભાઈના હાથે કંઈક ભૂલ થઈ ગઈ. જો કે એના ઉપરી અધિકારી એનાથી સાવ અજાણ પરંતુ આ સેવકના મનમાં એક ભીતિ પેસી ગઈ કે સાહેબને ખબર પડી ગઈ છે. એટલે મનોમન બેચેન રહે. કામમાં ચિત્ત ચોંટે નહિ. આખરે રહેવાયું નહિ ને સામે ચાલી ને માફી લાગવાનો પ્રયાસ કર્યો. સાહેબ તો કોઈ કામમાં વ્યસ્ત હતા તેથી એની વાત કાને ન લીધી. પરંતુ પેલાના મનમાં ઘર કરી ગયેલ ભય કેમે કરીને હટે નહિ. પરિણામે વારે વારે સાહેબ સામે એક ને એક ગાણું ગાયા કરે. કંટાળેલા સાહેબે એને તતડાવી માર્યો ને પાણીચું આપી દીધું.

ઘણીયે વાર માણસો આવી રીતે જ વર્તતા જોવા મળે છે. નાની અમથી વાતને વળ ચઢાવ્યા કરે... તાણી તાણી ને લાંબી કરવાનો પ્રયાસ આદરે. ક્યાંક વાંકમાં આવી જવાની બીકે સાચવીને ચાલવા જાય ને બીજા અનેક ગૂંચવાડા ઊભા કરી બેસે ને આખરે એમાં જ અટવાઈ મરે.

મિત્રો, જીવનમાં આવતી કોઈપણ મુશ્કેલી સામે લડવાની ક્ષમતા કુદરતે પ્રત્યેકને આપી છે. જન્મ્યા પછી અનેક વિધ પડકારોને પહોંચી વળી આગળ વધતા રહીને માણસ ઘડાયો છે. સહજપણે રસ્તે જતા હોઈએ ને કોઈ હરાયું ઢોર કે કોઈ અણધારી આફત આવી ચડે તો તરત જ માણસ તેનાથી બચવા દોટ મૂકે છે. આમ જ કટોકટીની વેળાએ શું કરવું એ માટે બુદ્ધિ કે શક્તિનાં લેખાં - જોખાં કરવા કોઈ બેસે છે ખરું?! મોટે ભાગે તો આપણા રોજિંદા જીવનમાં અન્યોન્યમાં થતી ગેર સમજ કે વધુ પડતી અપેક્ષાઓ જ ગૂંચનું કારણ બને છે આવા સમયે સ્વસ્થચિત્તે પોતાના સ્વ-રૂપનું ભાન કરી બહાર નીકળવા મથવું જોઈએ. ખામીઓ કે મર્યાદાઓને મમળાવ્યા ન કરાય. ''માનવી માત્ર ભૂલ ને પાત્ર'' ભૂલો તો થવાની જ પણ એ ભૂલોમાંથી શીખીને આગળ વધવું જોઈએ. જીવન ભૂલોની પરંપરા તો પર્યાય બની જાય એવું ન બનવું જોઈએ. અપૂર્ણતા તો આપણી ઓળખ છે. જો આપણને પાંખો મળી હોત તો વિમાન શોધાયું હોત ખરું? ઈશ્વરે ઘણું બધું બાકી રાખ્યું છે. માણસને મળેલી અપૂર્ણતામાં જ સર્જનની શક્યતાઓ છુપાયેલી છે.

આખરે તો જીવન સફરને સફળ બનાવવા જાતને મઠારવી પડે. જીવનયાત્રામાં તમે કઈ રીતે, કેટલા આનંદથી, કેવા સંગાથથી, કેટલું જોયું, શું શું માણ્યું, શું શું લીધું ને શું શું આપ્યું એ બધુયે નજર સમક્ષ રાખી આગળ વધતા ,રહીએ. નકામા વાંધા વચકા છોડીને જાતને ગોઠવતા રહીએ. વર્ષો વધે એમ આંખોની ક્ષિતિજો વિસ્તરે તો જીવન સરળ ને સ-ર-સ બને.

ઘણીવાર દિલ બળ્યા કરે છે એવા ચરિત્રો જોઈને કે જેમના જીવનનું ઈંધણ માત્ર ઈર્ષા જ હોય. સતત બીજાની ઈર્ષા કરવી એ જ એકમાત્ર વૃત્તિ - પ્રવૃત્તિ. મનોમન બળ્યા કરવું. ટી.વી. પર આવતી ધારાવાહિકો - સીરીયલમાં મોટેભાગે કોઈ એક અદેખું સ્ત્રી પાત્ર એને ખૂંચતા સીધા-સાદા-સાચા પાત્રને હંફાવવા જાતજાતના પેંતરા રચ્યા કરે - થકવી નાખે - આખરે તો સત્ય જ વિજયી નીવડે પરંતુ ઈર્ષાળુંના અવરોધો પેલા સચ્ચાઈભર્યા પાત્ર માટે તો પગથિયાં બની સફળતા જ અપાવે છે.

આ બધું કદાચ ટી.વી. પડદે મનોરંજન પૂરતું ભલે સારું લાગે પરંતુ વાસ્તવિક રીતે તો બીજાનો સહર્ષ સ્વીકાર કરવો ને જરૂર જણાય તો આત્મીયભાવે સહજ ટકોર કરવી ઘટે - આ સાપેક્ષ દુનિયામાં જેવું બોલશો એવા જ પડઘા સંભળાશે માટે જે કંઈ કરીએ તે પાછું વ્યાજ સાથે પરત મળવાનું છે જ એની પણ તૈયારી રાખવી પડે... જીવન તો આપણને સ્વતંત્ર મળ્યું છે. આ સૃષ્ટિનો પ્રત્યેક જીવ એક અને અનન્ય છે. બીજામાંથી સારાપણું ગમે તો આત્મસાત કરવાની છૂટ છે પરંતુ નકલ કરવાની કે ઝેરોક્ષકોપી બનવાનું નથી.

દિવસે દિવસે અહંશૂન્ય બનતા જોઈએ. ઘન લોખંડ ડૂબાડે ને વિસ્તરેલું તારે - એ ન્યાયે જાતને વ્યાપક બનાવીએ. ઘણીવાર વ્યક્તિને જ્યાં ત્યાં નાના મોટા અપમાનો વીણવાની ટેવ પડી હોય છે. જેને કારણે અપમાન જેવું કશું ના હોય ત્યાં એને અપમાન લાગે - ઉપેક્ષા દેખાય - તિરસ્કાર લાગે. અરે, નાની નાની વાતોમાં ''પ્રોટોકોલ'' નો પ્રશ્ન ઊભો કરી દે!! અંગ્રેજ કવિ ગેટે ''શાકુન્તલ'' માથે મૂકીને નાચી શકે!! કેવી સચ્ચાઈભરી મહાનતા!!

દોસ્તો, જીવન માણવા જેવું છે, સમજવા જેવું છે. હું તો ત્યાં સુધી કહું છું જીવન મહોત્સવ ઊજવવા જેવો છે..!! બસ અંતરતમમાં બાઝેલ કષાય (મેલ) દૂર કરી અહંશૂન્ય ને ઈર્ષામુક્ત બનીએ.... બધા જ મુખવટા હટાવી સાચે સાચું સાચુકલું જીવવા મથીએ!!!

અનુસંધાન પાના નં. ૭ પર